**<u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં "મોચી" જ્ઞાતિનો સમાવેશ કરવા બાબત.</u>**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક :–સશપ/૧૧૦૩/૧૩૦/અ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 2 .4 AUG 2004

વંચાણે લીધા :–

(૧) મજૂર, કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો તા.૧/૪/૧૯૭૮નો ઠરાવ ક્રમાંકઃ–બીસીઆર–૧૦૭૮/૧૩૭૩૪/હ.

(૨) મજૂર, કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો તા.૧૨/૬/૧૯૭૯નો પરિપત્ર ક્રમાંકઃ–બકર–૧૦૭૯/૧૭૯૮૨/હ.

(૩) ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલયના તા.૧૭/૧૨/૨૦૦૨ના ભારતના બંધારણ (અનુ.જાતિઓ) હુકમો (બીજો સુધારો) અધિનિયમ, ૨૦૦૨ અને તે અંગેનું ભારત સરકારનું તા.૧૮/૧૨/૨૦૦૨નું અસાધારણ રાજપત્ર રજીસ્ટર ક્રમાંક ડીએલ–૩૩૦૦૪/૨૦૦૨.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૨/૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃસીએઆર૧૦૯૦/સીઓ/૧૬/હ.

(૫)સમસ્ત ગુજરાત રાજ્ય મોચી સમાજે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પે.સી.એ.નં.૬૧૬૫/૨૦૦૩ તથા તેમાં કરાયેલ નામદાર હાઈકોર્ટનો તા.૫/૫/૨૦૦૩નો ઓરલ ઓર્ડર.

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૫/૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૪/૧૩૯/અ.

(૭)સમસ્ત ગુજરાત રાજ્ય મોચી સમાજે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પે.સી.એ.નં.૬૧૬૫/૨૦૦૩ તથા તેમાં કરાયેલ નામદાર હાઈકોર્ટનો તા.૫/૨/૨૦૦૪ની ઓરલ ઓર્ડર.

<u>ઠરાવ</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં "મોચી" જાતિનો સમાવેશ કરવા અંગેના આ વિભાગના તા.૨૭/૫/૨૦૦૩ના ઠરાવની જોગવાઈઓમાં ફકરા–૩ ની વિગતે જણાવેલ "સમસ્ત ગુજરાત રાજ્ય મોચી સમાજે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પે.સી.એ.નં.૬૧૬૫/૦૩ના આખરી ચુકાદાને આધિન રહેશે તેવો ઉલ્લેખ કરવામાં આવેલ હતો

<— ૨—>

૨. આમુખ ક્રમાંક(૭) માં જણાવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૫/૨/૨૦૦૪ના ચુકાદાથી સમસ્ત ગુજરાત રાજ્ય મોચી સમાજની સ્પે.સી.એ.નં.૬૧૬૫/૨૦૦૩ રદ કરેલ હોવાથી આ વિભાગના તા.૨૭/૫/૨૦૦૩ના ઠરાવમાં સમસ્ત ગુજરાતરાજ્ય મોચી સમાજની ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પે.સી.એ.નં.૬૧૬૫/૨૦૦૩ ના આખરી ચુકાદા અંગે જે શરત રાખવામાં આવી હતી તે આથી રદ કરવામાં આવે છે.

૩. મોચી જાતિના લોકોને રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકેના લાભો આપવા અંગેના ઉકત ઠરાવની અન્ય શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

........૩/-

રજીસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર તાબા હેઠળની કચેરીને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર તરફ આપના તાબા હેઠળની કચેરીને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ.
સીલેકટ ફાઈલ.